EXHIBIT-

| **ધંધુકાના મહે. એડીશ્નલ ચીફ જ્યુડી. મેજી. સાહેબની કોર્ટમાં,** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ સંખ્યા | ૫૪૦/૨૦૨૫ |
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | પ્રોહિ. એક્ટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ |
| પ્ર.મા.અહેવાલ સંખ્યા | ૩૯૫/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ધંધુકા પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ. સરકારી વકિલશ્રી ડી. આર. ભીલવાર. |
| આરોપી પક્ષ | (૧) સબીરભાઈ ઉર્ફે ટીનટીન નુરમહંમદભાઈ ભોહરિયા<br>રહે. પડાણા, તા. ધંધુકા, જી. અમદાવાદ.<br>(૨) સાકિર ઉર્ફે ભાણો આરીફભાઈ મેમણ<br>રહે. ધંધુકા, નસીબ સોસાયટી, તા. ધંધુકા,<br>જી. અમદાવાદ. |
| રજુઆત | વિ. વકિલશ્રી ડબલ્યુ. એમ. મોદન |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૫ |
| પ્ર.મા.અહેવાલની તારીખ | ૦૧/૦૮/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૨૪/૦૮/૨૦૨૫ |
| તહોમતનામાંની તારીખ | ૧૭/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૧/૧૨/૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ | – |

:: આરોપીની વિગત ::

| આરોપી અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકતી તારીખ | તહોમત | શુ નિદોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સ મયગાળો ફો.કા. સહિતાની ક.–૪૨૮ મુ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સબીરભાઈ ઉર્ફે ટીનટીન નુરમહંમદભાઈ ભોહરિયા | ૦૧–૦૮–૨૦૨૫ | ૦૨–૦૮–૨૦૨૫ | ૧૭–૧૦–૨૦૨૫ | નિર્દોષ | – | – |
| ૨ | સાકિર ઉર્ફે ભાણો આરીફભાઈ મેમણ | ૧૪–૦૮–૨૦૨૫ | ૧૪–૦૮–૨૦૨૫ | ૧૭–૧૦–૨૦૨૫ | નિર્દોષ | – | – |

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

(અ) ફરીયાદપક્ષ

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ. ૧ | પ્રતાપભાઈ રણછોડભાઈ શિહોરાની જુબાની | પંચ |
| ફ.સ. ૨ | કિરણભાઈ રમેશભાઈ ગોહિલની જુબાની | પંચ |
| ફ.સ. ૩ | જીગ્નેશભાઈ રાણાભાઈની જુબાની | ફરિયાદી પોતે |
| ફ.સ. ૪ | હરદિપસીંહ જીતેન્દ્રસીંહ વાળાની જુબાની | ત.ક.અ |

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

(અ) ફરીયાદ

| અનુક્રમ નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૧ | પંચનામું |
| ૨ | ૧૫ | ફરિયાદ |

## // <u>ચુકાદો</u> //

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, ગઈ તા. ૦૧–૦૮–૨૦૨૫ ના રોજ કલાક ૧૧/૪૫ વાગે મોજે ધંધુકા રાણપુર સર્કલ ખાતે આ કામના આરોપીઓએ પોતાના કબ્જા ભોગવટામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ. એલ. ની સેગ્રામ્સ રોયલ સ્ટેજ સુપિરીયર વિસ્કીની નંગ–૨ કિ. રૂ. ૧,૦૦૦/– તથા ૧૮૦ એમ. એલ. ની રોયલ ચેલેન્જ ફાઈન રિર્ઝવ વિસ્કી બોટલ નંગ–૮ ની કિ. રૂ. ૧,૨૦૦/– તથા મો. સા. પેસન પ્રો બાઈક જેનો રજી. નં. જી.જે. ૩૮ એ.એ. ૭૫૨૩ કિ. રૂ. ૧૦,૦૦૦/– મળી કુલ રૂ. ૧૨,૨૦૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં. ૨ નાઓએ સદર વિદેશી દારૂ પુરો પાડી સ્થળ ઉપર હાજર નહિં મળી આવી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી પ્રોહિ. એક્ટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ કરેલ છે. જે ગુન્હો પોલીસે નોંધી તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

**૨)** આ કામના આરોપીઓને સમંસની ધોરણસરની બજવણી થતાં તેઓ અદાલત સમક્ષ હાજર થતાં તેમને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ મુજબ વીના મુલ્યે પોલીસ પેપર્સની નકલો

આપવામાં આવેલ છે અને આંક–૬ થી તહોમતનામું ધડી આંક–૭ અને ૮ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીઓએ પોતાની પ્લી દરમ્યાન ગુન્હો કબુલ ન હોય, કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ છે. આ કામે બચાવપક્ષે વિ.વ.શ્રી હાજર થાય છે.

૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

**<u>–: મૌખિક પુરાવો :–</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચ પ્રતાપભાઈ રણછોડભાઈ શિહોરાની જુબાની | ૧૦ |
| ૨ | પંચ કિરણભાઈ રમેશભાઈ ગોહિલની જુબાની | ૧૨ |
| ૩ | ફરિયાદી જીગ્નેશભાઈ રાણાભાઈની જુબાની | ૧૪ |
| ૪ | ત. ક. અ. હરદિપસીંહ જીતેન્દ્રસીંહ વાળાની જુબાની | ૧૭ |

**<u>–: દસ્તાવેજી પુરાવો :–</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચનામું | ૧૧ |
| ૨ | ફરિયાદ | ૧૫ |

આ કામે ફરિયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ એ. પી. પી. શ્રી દ્વારા મૌખિક જાહેર કરતાં ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરે છે.

૪) આ કામે આંક – ૧૮ થી આરોપીઓ પક્ષે પુરશીસ રજુ કરી એફ. એસ. આપવા માંગતા નથી તેમ જણાવેલ છે અને તેઓને તેઓની વિરૂધ્ધના પુરાવાનો ખુલાસો કરવાની તક મળેલ ન હોવા બાબતે કોઈ વાંધો તેઓ આ અદાલત કે અન્ય કોઈપણ અદાલત સમક્ષ ઉઠાવશે નહી તે મતલબનું અદાલતને અન્ડરટેકીંગ આપેલ છે અને નામદાર સર્વોચ્ચ અદાલતના (૧૯૮૯– ક્રિમિનલ લો જર્નલ પાના ૨૯૬) ચંદુલાલ ચંદ્રકર વિ. પુરનમલના કેસના ચુકાદા પર આધર રાખેલ છે. જે ઉપરોકત ચુકાદાના પેરા–૨ માં જણાવેલ હકીકતો ધ્યાને લેતાં આ કેસ દલીલના તબકકે મુકી પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલ છે. વિ. એ. પી. પીશ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફકત પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સર્મથન આપતા ન હોવાના માત્ર કારણસર ફરીયાદ પક્ષનો કેસ ફગાવી દઈ શકાય નહી. જેથી આરોપીઓ સામેનો કેસ ફરીયાદ પક્ષે સાબીત કરેલ હોય આરોપીઓને મહતમ સજા કરવી જોઈએ.

આરોપીઓના વિ. વ. શ્રીએ દલીલમા જણાવેલ છે કે જ્યારે જે પંચ સાહેદોની હાજરીમાં ફરીયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે તે પંચ સાહેદો તેઓએ ફક્ત તૈયાર પંચનામામાં સહી જ કરેલ હોવાની અને પંચનામાની હકીકતે તેઓ કંઈ જાણતા નહીં હોવાની હકીકત જણાવતા હોય, ત્યારે સમગ્ર રેડ શંકાસ્પદ બને છે. આ કામે પંચોની ઉલટ તપાસ ધ્યાને લેતાં ફરીયાદ પક્ષે ખુબ જ બેદરકારીથી રૂટીન પંચોને પંચ સાહેદ તરીકે રાખેલ છે. જેથી ફરીયાદ પક્ષના કેસમાં મહત્વની શંકા ઉભી થાય છે. પોલીસ સાહેદની જુબાની નેચરલ નથી અને સંખ્યાબંધ હકિકતો કે જે સમગ્રરીતે કોઈપણ વ્યકિતને યાદ ન રહી શકે તેવી કોઈપણ જાતના ડોકયુમેન્ટ રીફર કર્યા સિવાય પોલીસ સાહેદ મોઢે જણાવે છે જે બાબત સદર સાહેદોની

જુબાની નેચરલ હોવાનું જણાતું નથી. આથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

આરોપીઓના વિ. વ. શ્રીએ વધુમાં તેઓની દલીલમાં મહંમદ હુશેન બી. રમજાન વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૧૯૯૪ ક્રિમિનલ લો જર્નલ ૧૦૨૦ ના કેસમાં નામદર મુંબઈ હાઈકોર્ટના ચુકાદા ઉપર આધર રાખેલ છે અને આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૫)** સદર કેસના આખરી નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૦૧-૦૮-૨૦૨૫ ના રોજ કલાક ૧૧/૪૫ વાગે મોજે ધંધુકા રાણપુર સર્કલ ખાતે આ કામના આરોપીઓએ પોતાના કબ્જા ભોગવટામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ. એલ. ની સેગ્રામ્સ રોયલ સ્ટેજ સુપિરીયર વિસ્કીની નંગ-૨ કિ. રૂ. ૧,૦૦૦/- તથા ૧૮૦ એમ. એલ. ની રોયલ ચેલેન્જ ફાઈન રિર્ઝવ વિસ્કી બોટલ નંગ-૮ ની કિ. રૂ. ૧,૨૦૦/- તથા મો. સા. પેસન પ્રો બાઈક જેનો રજી. નં. જી.જે. ૩૮ એ.એ. ૭૫૨૩ કિ. રૂ. ૧૦,૦૦૦/- મળી કુલ રૂ. ૧૨,૨૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં. ૨ નાઓએ સદર વિદેશી દારૂ પુરો પાડી સ્થળ ઉપર હાજર નહિં મળી આવી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી પ્રોહિ. એક્ટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

૬) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ અનુસાર

૭) મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**-: નિર્ણય માટેના કારણો :-**

**મુદ્દા નં.૧ અને ૨.**

૮) આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષે તપાસેલ પંચ સાહેદો કે જેઓની હાજરીમાં આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હતો અને જેઓ વાદગ્રસ્ત રેડના સ્વતંત્ર સાહેદો છે. તે પંચ સાહેદો તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાનું જણાવતા નથી. તેમજ તેઓએ પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત જણાવે છે. વધુમાં તેઓ પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ હકીકત જાણતા નથી. આમ આ કામે પંચ સાહેદોની જુબાની ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતી નથી. ઉપરોકત આરોપી પક્ષે આધર રાખવામાં આવેલ મહંમદ હુશેન બી. રમજાન ના કેસનો ચુકાદો ધ્યાને લેતાં વાગ્રસ્ત રેડ શંકાસ્પદ ગણાય છે. પોલીસ સાહેદોની જુબાની ધ્યાને લેતાં તેઓએ તેઓની ફરજની રૂએ જે કાર્યવાહી કરેલી છે તેનો ચિતાર તેઓની સરતપાસમાં જણાવેલો છે પરંતુ તેઓની જુબાની નેચરલ જણાતી નથી તથા તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર

સાહેદો મળી શકે તેમ હતાં છતાં કોઈ સ્વેતંત્ર સાહેદો ફરીયાદ પક્ષે રજુ રાખેલ નથી તથા ફરીયાદી, સાહેદ અને ત.ક.અ. રેડીંગ પાર્ટીના સાહેદો છે અને ફક્ત રેડીંગ પાર્ટીના સાહેદોની જુબાનીના આધારે જ આરોપીઓને તકસીરવાન ઠરાવવા જોખમકારક છે. વધુમાં આ કામના પંચોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. ફરીયાદીએ તેઓની બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે, ફરીયાદમાં બાતમી લેખીત કે મૌખીક ક્યાં સ્વરૂપે મળેલ તે જણાવેલ નથી તથા પોલીસ સ્ટેશનથી નિકળતા પહેલાં સ્ટેશન ડાયરી કે લોગબુકમાં નોંધ કરેલ નથી. તેમજ બનાવવાળી જગ્યા એ જાહેર રસ્તો હોય સતત વાહનોની અવર જવર રહેતી હોવાની હક્કીત પણ ફરીયાદીએ કબુલ રાખેલી છે. આથી, હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલા હોય તેવું જણાઈ આવતું નથી. બનાવ વાળી જગ્યાએ જાહેર રસ્તો હોય અને ત્યાં સતત વાહનોની અવર જવર રહેતી હોય તેમ છતાં હાલના કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. ઉપરાંતમાં ત.ક.અ. ખુદ કબુલ રાખે છે કે, હાલની તપાસ કરતા પહેલા ફરિયાદ લીધેલ અને ફરિયાદમાં પંચોના નામ લખેલ નથી તથા પંચનામું તેઓએ કરેલ ન હોવાનું કબુલ રાખે છે. આમ, ત.ક.અ.ની જુબાનીનો સાર જોવામાં આવે તો, તેમાં તપાસમાં ઘણી બધી ત્રુટીઓ રહી ગયેલ હોવાની હકીકત જણાઈ આવે છે તેમજ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય અને ફરીયાદ પક્ષ તેઓનો કેસ નિશંકપણે પુરવાર કરી શકે તેવી એક પણ હકીકત રેકર્ડ પર આવતી નથી. વધુમાં, હાલના કામે તપાસવામાં આવેલા સાહેદો જણાવે છે કે આરોપીઓ પાસેથી વિદેશી દારૂ કબજે કરેલ છે પરંતુ આ સાહેદ કોઈ નિષ્ણાંત નથી કે તેઓ જે પ્રવાહી કબજે કરેલ છે તે વિદેશી દારૂ જ છે તેમજ તેઓએ તે કબજે લીધા પછી તેને તપાસ અર્થે એફ.એસ.એલમાં મોકલી આપી તેની ચકાસણી કરાવેલ

હોય કે જે કબજે કરવામાં આવેલ છે તે પ્રવાહી વિદેશી દારૂ જ છે તેવું બનેલ નથી. આમ ફરિયાદી પક્ષ તરફે રજૂ પુરાવો જોતા તેમજ ઉપરોકત કરેલી વિસ્તૃત ચર્ચા તેમજ ફોજદારી નીતી શાસ્ત્રમાં એવુ જણાવવામા આવેલ છે કે, ફરિયાદી પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે અને નિર્ણાયકપણે પુરવાર કરવાનો રહે છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવર કરવાની રહેતી નથી, આરોપીએ તો માત્ર પોતાને મળતો શંકાનો લાભ અપાવવા સારૂ વ્યાજબી શંકા પરત્વે અંગુલી નિર્દેશ માત્ર કરવાનો રહે છે. આમ ન્યાય પિપાશાની ઉપરોકત પરિસ્થિતિને ધ્યાનમા લેતા તેમજ રજુ રેકર્ડ પરનો પુરાવો જોતા ફરિયાદી પક્ષના કેસ મુજબ હાલના આરોપીઓ સામે જે ગુનાનો આક્ષેપ છે તેની વિગત જોતા બનાવ જાહેર વિસ્તારમાં બનેલ છે અને બનાવ સ્થળે અન્ય લોકોની અવર જવર રહેતી હોય છે અને જ્યારે કોઈ જગ્યાએ પોલીસ જાય ત્યારે સ્વભાવિક રીતે જ કૂતુહલવશ ઘણા લોકો ભેગા થઈ જતા હોય છે તેમ છતાં પોલીસ સાહેદો સિવાય કોઈને તપાસવામાં આવેલા નથી, અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી અને તે સંજોગોમાં આ કામના આરોપીઓ પાસેથી સદર મુદ્દામાલ મળેલ છે કે કેમ? તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે અને આમ તપાસ કરનારની તપાસમાં ત્રુટીઓ રહી જવા પામેલી છે, અને તે સંજોગોમાં આ કામના આરોપીઓએ જ આક્ષેપ કર્યા મુજબનુ કૃત્ય કરેલ છે તે સારૂ ફરિયાદી પક્ષ તરફે રજુ થયેલ પુરાવો જોતા ફરિયાદી પક્ષ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલા ના હોય અને જે પુરાવો રજૂ કરવામા આવેલ છે તેમાં શંકા કુશંકાઓ ઉત્પન્ન થતી હોય, જેથી આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય, મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

**– હુકમ –**

૧. આ કામના આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૧ અન્વયે, પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ ઇંગ્લીશ દારૂની બોટલ નંગ – ૧૦ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા મુદ્દામાલ મોટર સાઈકલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો પરત સોંપવાનો હુકમ કરવામાં આવ્યો હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ મોટર સાઈકલ તેના મુળ માલિકને તેના માલિકીપણાની ખરાઈ કરી ત. ક.અ.શ્રી એ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ અનવ્યે આરોપીઓએ અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૦/૦૪/૨૦૨૬**
**ધંધુકા**

**(યુનુસઅહમદ ઈકબાલહુસેન શેખ)**
**પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને**
**એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ધંધુકા.**
**Code No – GJ00967**

વી. ડી. જોગરાણા